# પાલનપુરની સાયન્સ સ્કૂલમાં શિક્ષકે વિદ્યાર્થીને માર મારતા હંગામો

## વાલીએ શિક્ષકો વિરુદ્ધ ફરિયાદ દાખલ કરતા ચકચાર : શિક્ષકે નજીવી બાબતે વિદ્યાર્થીને ૧૦ થી ૧૫ લાફા માર્યા

પાલનપુર, તા. ૨૮

પાલનપુર શહેરમાં ડીસા હાઈવે પર આવેલી એસન્ટ ઓફ આવેલી એસન્ટ ઓફ સાયન્સ સ્કૂલમાં શુક્રવારે ૧૨ સાયન્સમાં ભણતા વિદ્યાર્થી મયુર પાળજાને પંચાયતના ભાજપના સદસ્ય કાજલબેન પટેલ સ્કૂલમાં મયુરને માર મારનાર શિક્ષક વિપુલભાઈ મહેતાએ પણ વાલીઓ સાથે અછાજતું વર્તન કરી વાલીઓને ઉદ્ધત જવાબ આપતા વાલીઓ હતો. જ્યાં પોલીસે મામલો શાંત પાડી મયુરના પિતા મોતીભાઈને તેમજ શિક્ષકોને પોલીસ મથકે



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

સાયન્સ સ્કૂલમાં આજરોજ એક વિદ્યાર્થીને શિક્ષક દ્વારા માર માર્યો હોવાના મુદ્દે વાલીઓએ ભારે રોષ વ્યક્ત કરી શિક્ષક વિરુદ્ધ કડક પગલાં લેવાની માંગ કરતા મામલો બીચક્યો હતો.

પાલનપુરના ડીસા હાઈવે પર શિક્ષક વિપુલભાઈ પટેલે નજીવી બાબતે ૧૦ થી ૧૫ લાફા માર્યા હતા. જે સઘળી હકીકત સાંજે મયુરે તેના માતા પિતાને કહેતા આજરોજ સ્કૂલ ટાઈમ દરમિયાન મયુરના પિતા મોતીભાઈ માધાભાઈ પાળજા અને તેના ફોઈ અને પાલનપુર તાલુકા પટેલને ઠપકો આપવા આવ્યા હતા. ત્યાં શિક્ષક વિપુલભાઈ પટેલ હાજર રહ્યા ન હતા અને તેઓ બહાનું શોધી બહાર ચાલ્યા ગયા હતા. જ્યારે આ બાબતે વાલીઓએ ક્લાસ રૂમમાં રજૂઆત કરતા ક્લાસમાં રહેલા અન્ય એક શિક્ષક જીજ્ઞેશભાઈ ઉશ્કેરાઈ ગયા હતા અને બંને શિક્ષકો વિરુદ્ધ શિક્ષાત્મક પગલાં લેવાની માંગ કરતા મામલો ગરમાયો હતો તેમજ વાલીઓ દ્વારા પોલીસને જાણ કરતા પશ્ચિમ પોલીસ મથકના પી.એસ.આઈ. વી. બી. મકવાણા સહિત સ્ટાફ સ્કૂલમાં દોડી આવ્યો બોલાવ્યા હતા. જ્યાં મોતીભાઈ માધાભાઈ પાળજાની ફરિયાદના આધારે બંને શિક્ષકો વિરુદ્ધ એન.સી. ગુનો નોંધ્યો હતો અને વિદ્યાર્થીનું ભવિષ્ય ન બગડે તે માટે બંને શિક્ષકોના લેખિતમાં જવાબ લેવામાં આવ્યા હતા.



### ‘આપ’ના કાર્યકરોએ પાલનપુરમાં સફાઈ કરી ખુશી વ્યકત કરી

અરવિંદ કેજરીવાલ દિલ્હીના મુખ્યમંત્રી તરીકે શપથ ગ્રહણ કરતા આમ આદમી પાર્ટી ગુજરાતના કાર્યકરોએ અનોખી ઉજવણી કરી હતી. જેમાં પાલનપુરમાં સફાઈ કરી ઉજવણી કરવામાં આવી હતી. પાલનપુરમાં આવેલ ઐતિહાસિક મીરાગેટ વિસ્તારમાં આપના કાર્યકરોએ સફાઈ અભિયાન હાથ ધરી ઉજવણી કરી હતી. શહેરમાં વિવિધ વિસ્તારમાં ગંદકીના ઢગને આપના ૧૦૦થી વધુ કાર્યકરોએ દુર કરી ઝાડુના નિશાનને ચરિતાર્થ કર્યું હતું. દિલ્હીના મુખ્યમંત્રી તરીકે બિરાજેલા અરવિંદ કેજરીવાલની ઉજવણી પાલનપુર શહેર કાર્યકરો દ્વારા કરાતા શહેરના નાગરિકોએ કાર્યને બિરદાવ્યું હતુ અને આગામી દિવસોમાં પાલનપુર શહેરને કલીન કરવાનો કાર્યક્રમ હાથ ધરવામાં આવશે. (તસવીર : હરેશ જોષી)

# સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં યુરીયા ખાતરની તંગીના પ્રશ્ને સાંસદની ઉર્જામંત્રી સમક્ષ રજૂઆત

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લામાં યુરીયા સહિતના અન્ય રાસાયણિક ખાતરોની તંગીના કારણે ખેતી પ્રભાવિત થઈ રહી છે. જેના કારણે છેલ્લા કેટલાક સમયથી બંને જિલ્લાના અનેક ખેડૂતો ખાતરોના ડેપો આગળ લાંબી કતારમાં ઉભા રહી હેરાન-પરેશાન થઈ રહ્યા છે. નાનો ખેડૂત યુરીયાના અભાવે પાકનું સમયસર વાવેતર કરી શક્યો નથી. જે અંગે બંને જિલ્લાના ખેડૂતોની માંગણીને ધ્યાનમાં રાખી સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણે તાજેતરમાં કેન્દ્રીય ઉર્જા મંત્રી શ્રીકાન્ત જેના સાથે રૂબરૂ મુલાકાત લઈ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં યુરીયા ખાતરની તંગી અંગે ઉગ્ર રજૂઆત કરી હતી અને જણાવ્યું હતું કે અમારા જિલ્લાની ૨૨ હજાર ટન યુરીયા ખાતરની માંગણી સામે ૫ હજાર ટન યુરીયાની ફાળવણી કરાતા અમોને અન્યાય થયો છે. તેથી તાત્કાલિક રીતે ૨૫ હજાર ટન યુરીયા ફાળવવાની માંગણી કરી હતી. જેના અનુસંધાનમાં કેન્દ્રીય મંત્રીએ તાત્કાલિક યુરીયા ખાતરનો વધુ જથ્થો મોકલી આપવાની ખાતરી આપી હતી.

# પાદરા પાસે ટ્રેક્ટરે બાઈકને ટક્કર મારતા ચાલકનું મોત

હિંમતનગર, તા. ૨૮

ભિલોડા - વિજયનગર રોડ પર આવેલ પાદરા નજીક તા. ૨૩ ડિસેમ્બરના રોજ અજાણ્યા ટ્રેક્ટર ચાલકે બાઈકને ટક્કર મારતા તેને ગંભીર ઈજા થઈ હતી. ત્યારબાદ તેનું મોત નિપજ્યું હતું. જે અંગે કણાદરના એક શખ્સે શુક્રવારે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે પાદરા રોડ પરથી ગત તા. ૨૩ ડિસેમ્બરના રોજ એક અજાણ્યો ટ્રેક્ટરચાલકે ટ્રેક્ટરને પૂરઝડપે અને ગફલતભરી રીતે હંકારી અહીંથી પસાર થતાં બાઈક નં. જીજે-૦૯-સીઈ-૧૦૯ને ટક્કર મારતા બાઈક પર જઈ રહેલ રાહુલકુમાર નવજીભાઈ કટારાને ગંભીર ઈજા થઈ હતી.

ઉપરાંત આ અકસ્માતમાં ભાવેશકુમારને પણ ઈજા થતાં તેમને સારવાર માટે ખસેડ્યા હતા. દરમિયાન રાહુલકુમાર કટારાનું શુક્રવારે સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. જે અંગે કણાદરના નવજીભાઈ સોમાભાઈ કટારાએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.



(તસવીર : પ્રવિણ પટેલ, દાંતીવાડા)

દાંતીવાડા કોલોની મુખ્ય મથક ખાતે ગઈ કાલે રોજ કોંગ્રેસના કાર્યકરો દ્વારા કોંગ્રેસ દિનની ભવ્ય ઉજવણી કરાઈ સાથે ફટાકડા ફોડી નારા બાજી કરાઈ. દાંતીવાડા-કોલોની પીકપ સ્ટેન્ડની બાજુમાં ભરચક બજારમાં કોંગ્રેસ કાર્યકરો દ્વારા ફટાકડા ફોડી નારા લાગવી કોંગ્રેસના ૧૨૮માં વર્ષની ભવ્ય ઉજવણી કરાઈ હતી. કાર્યક્રમની યોજના તાલુકા કોંગ્રેસના -મુખ નટવરસિહ વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. સમગ્ર કાર્યક્રમમાં તાલુકા પંચાયત સદસ્ય રઘુ સિહ, જિલાના કોંગ્રેસ યુવા મહામંત્રી અશોકભાઈ ભોજની, તાલુકા કોંગ્રેસ યુવા ઉપ-મુખ નયન જોસી, રાજુભાઈ રબારી, -મજીભાઈ પટેલ, ખોડાભાઈ, લાલભાઈ, બળવંતજી, દલપત સિહ તેમજ કોંગ્રેસના સર્વે કાર્યકરો મોટી સંખ્યામાં હાજર જોવા મળ્યા હતા.

# ઈલોલમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી નિમિત્તે મીટીંગ મળી

હિંમતનગર તાલુકાના ઈલોલ ગામે શુક્રવારે ગ્રામ પંચાયત દ્વારા તા. ૨૬મી જાન્યુઆરીની ઉજવણીના ભાગરૂપે ગ્રામ સફાઈ, શાળાઓ, આંગણવાડી, સહકારી સંસ્થાઓ વગેરેની સફાઈ તથા ગામની સજાવટ બાબતે ગ્રામ પંચાયત સદસ્યો, સહકારી સંસ્થાના હોદ્દેદારો, શાળા, આંગણવાડી, આરોગ્ય કેન્દ્ર સહિતના કર્મચારીઓ તથા ગામના અગ્રણીઓ તથા ગ્રામજનોની મીટીંગનું આયોજન મંડળીના મીટીંગ હોલમાં કરવામાં આવ્યું હતું. જેમાં સરપંચ અશરફભાઈ દાંત્રેલીયા, માજી સરપંચ અહેમદભાઈ ઢાપા, સેવા મંડળીના ચેરમેન રોશનઅલી હોલ્ડા, વિનોદભાઈ પરમાર, પૂંજાભાઈ ચમાર, ઈકબાલભાઈ ખણુશિયા સહિત ગામના અગ્રણીઓ તથા ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી અને ૨૬મી જાન્યુઆરીની ઉજવણી માટે ગામમાં સફાઈ તથા સજાવટ માટે સહકાર આપવા નિર્ણય કરવામાં આવ્યો હતો.

# શાળાઓમાં હાલ વિદ્યાર્થીની સંખ્યા ઘટી છતાં તંત્ર નિષ્ક્રિય

## મોડે મોડે જાગેલા સ્કુલ બોર્ડ શાળાઓમાં પ્રાયોગિક ધોરણે સીસીટીવી લગાવવાના શરૂ કર્યા : અન્ય અનેક પગલાઓ

અમદાવાદ, તા.૨૮

મ્યુનિસિપલ સ્કુલ બોર્ડ સંચાલિત શાળાઓમાં ભણતા બાળકોની સલામતી માટે તંત્ર હવે રહી રહીને જાગી રહ્યું છે. નવરંગપુરા સ્થિત મુખ્ય કચેરીમાં શાળાના અધિકારીની સુરક્ષા માટે મહિનાઓ અગાઉથી સીસીટીવી મુકનાર ભાજપના શાસકોને રહી રહીને શાળાના બાળકોની યાદ આવી હોય તેમ હવે પ્રાયોગિક ધોરણે શાળાઓમાં સીસીટીવી કેમેરા મુકવાની હિલચાલ આરંભાઈ છે. પ્રાયોગિક ધોરણે ગણતરીની શાળાઓમાં જ સીસીટીવી કેમેરા લગાવવામાં આવશે જ્યારે અન્ય શાળાઓના બાળકોએ સીસીટીવીની સુરક્ષા માટે હજી રાહ જોવી પડશે. આ ઉપરાંત શાહપુર બાદ વધુ ત્રણેક શાળામાં અંગ્રેજી માધ્યમની પ્રાયોગિક શાળાઓ શરૂ કરવાની હિલચાલ હાથ ધરવામાં આવી છે. જો કે દર વર્ષેરાજ્ય સરકારની રૂા. ૪૫૯.૧૯ કરોડની ગ્રાન્ટ અને કોર્પોરેશનની રૂપિયા ૧૫૩.૪૭ કરોડની ગ્રાન્ટે તાગડધીન્ના કરતાં સ્કુલ બોર્ડના સંચાલકો મ્યુનિ. શાળાઓમાં વિદ્યાર્થીઓની ઘટતી જતી સંખ્યા બાબતે આંખ આડા કાન કરી રહ્યા છે. ચાલુ વર્ષે પ્રથમ સત્રના પ્રારંભે મ્યુનિ. શાળાઓના ૧.૬૦ લાખ બાળકો અભ્યાસ કરતા હતા જે હવે ઘટીને ૧.૫૫ લાખ થઈ ગયા છે. એટલે કે છ મહિનામાં પાંચ હજારથી વધુ બાળકોએ શાળા છોડી દીધી છે. બીજી બાજુ એક સમયે શહેરમાં ૬૫૦થી વધુ અલગ અલગ માધ્યમની શાળાઓ કાર્યરત હતી. વિદ્યાર્થીઓની સંખ્યા પણ નોંધપાત્ર હતી જ્યારે હવે માત્ર શહેરમાં ગરીબ અને મધ્યમવર્ગના બાળકો માટે ૪૫૦ મ્યુનિ. શાળાઓ જ શહેરમાં ઉપલબ્ધ છે. આ શાળાઓમાં પણ પુરતા પ્રમાણમાં વિદ્યાર્થીઓની હાજરી નથી. રાજ્ય સરકાર દ્વારા પ્રવેશોત્સવ પાછળ દર વર્ષે કરોડો રૂપિયાનો ધુમાડો છતાં મ્યુનિ. શાળાઓમાં વિદ્યાર્થીઓની ઘટતી જતી સંખ્યા અંગે સ્કુલ બોર્ડે મૌન સેવીને બેઠું છે. સ્કુલ બોર્ડના બજેટના મોટાભાગના નાણાં શિક્ષકોના પગાર અને અધિકારીઓના જલસા પાછળ ખર્ચાઈ જાય છે જેના કારણે શાળાઓમાં અન્ય સુધારાત્મક કામો થતા નથી અને સ્કુલ બોર્ડની દરેક યોજનાઓ અધવચ્ચેથી દમ તોડી દે છે. શાળાઓમાં સીસીટીવી કેમેરા લગાવાની યોજના કેટલી કારગત થાય છે તે જોવું રહ્યું.



પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત અવરઓન હાઈસ્કૂલના બાળકો દ્વારા ‘સ્પોર્ટસ ડે’ ઉજવાયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે મામલતદાર એ.એ. ડોડીયા ઉપસ્થિત રહ્યા હતા. સ્પોર્ટસ ડે નિમિત્તે વિવિધ રમતોનું આયોજન કરાયું હતું અને તેમાં વિજેતા બનેલા રમતવીરોનું પ્રોત્સાહન ઈનામો દ્વારા સન્માન કરાયું હતું. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



### કોંગ્રેસ સ્થાપના દિન ઉજવાયો

પાલનપુરમાં આજ રોજ કોંગ્રેસ કાર્યાલય ખાતે સ્થાપના દિવસ ઉજવવામાં આવ્યો હતો. જેમાં કાર્યકરોની ઉપસ્થિતિમાં કાર્યાલય ખાતે ધ્વજ વંદન કરી બાઈક રેલી કાઢવામાં આવી હતી. રેલી શહેરના વિવિધ રાજમાર્ગો ઉપર પરિભ્રમણ કરી હતી. રેલીમાં ધારાસભ્ય મહેશભાઈ પટેલ, રવિ ગઢવી, નયના પઢિયાર સહિત મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતાં. (તસવીર : હરેશ જોષી)

## વડોદરામાં રોહિત સમાજનો જીવનસાથી પસંદગી મેળો

વડોદરા, તા.૨૮

વડોદરા રોહિત સમાજ દ્વારા લગ્નોત્સુક અપરિણિતો માટે જીવનસાથી પસંદગી મેળો તા. ૫મી જાન્યુઆરી ૨૦૧૪ રવિવારે આયોજિત કરાયો છે. આ પસંદગી મેળો વાઘોડીયા રોડ પર આવેલ વૃંદાવન ચોકડી પાસેના ઝારોલા ભવન ખાતે સવારે ૧૦ વાગ્યાથી યોજાનાર છે. આ ઉપરાંત રોહિત સમાજનો સમૂહ લગ્નોત્સવ તા. ૧૧મી જાન્યુઆરીએ યોજાનાર છે.

# ગુજરાત યુનિવર્સિટીનો વધુ એક છબરડો હવે સપાટીએ

## એમએ પાર્ટ-૨ની મનોવિજ્ઞાનની પરીક્ષામાં સેમેસ્ટર-૪ની જગ્યાએ સેમેસ્ટર-૩નું પેપર અપાતા વિદ્યાર્થી દુવિધામાં

અમદાવાદ, તા.૨૮

ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષા અંતિમ તબક્કામાં છે પરંતુ યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ દ્વારા છબરડાની હારમાળા અટકાવાનું નામ જ નથી લઈ રહી આજે યુનિવર્સિટી દ્વારા માસ્ટર ઓફ આર્ટસના ચોથા સેમેસ્ટરમાં મનોવિજ્ઞાનનું પેપર હતું જો કે યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને ત્રીજા સેમેસ્ટરનું પેપર આપવામાં આવતા વિદ્યાર્થીઓ મુઝવણમાં મુકાઈ ગયા હતા.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષા અત્યારે અંતિમ તબક્કામાં છે ત્યારે માસ્ટર ઓફ આર્ટસમાં સેમેસ્ટર-૪ના વિદ્યાર્થીઓને આજે અંતિમ પેપર હતું. જેમાં મનોવિજ્ઞાન મુખ્ય વિષય ધરાવતા વિદ્યાર્થીઓને આજે હ્યુમન સાયકોલોજીનું પેપર હતું જો કે બપોરે ૨:૦૦ કલાકે વિદ્યાર્થીઓ જ્યારે પરીક્ષાખંડમાં બેઠા ત્યારે તેમના હાથમાં સેમેસ્ટર-૪ની જગ્યાએ સેમેસ્ટર-૩નું પેપર આપી દેવામાં આવ્યું હતું.

વિદ્યાર્થીઓના હાથમાં પેપર આવતાં જ વિદ્યાર્થીઓ પેપર પોતાના અભ્યાસક્રમનું ન હોવાની સુપરવાઈઝરને રજુઆત કરી હતી ત્યારબાદ સુપરવાઈઝરે મનોવિજ્ઞાનના અધ્યાપકોને બોલાવી તપાસ કરાવતા વિદ્યાર્થીઓને સેમેસ્ટર-૪ની જગ્યાએ સેમેસ્ટર-૩નું હ્યુમન સાયકોલોજીનું પેપર આપી દેવામાં આવ્યું હતું. આવા ગંભીર છબરડાની જાણ થતાં જ યુનિવર્સિટીનો પરીક્ષા વિભાગ હરકતમાં આવી ગયો હતો અને તાત્કાલીક ધોરણે પેપર બદલીને વિદ્યાર્થીઓને સેમેસ્ટર-૪નું હ્યુમન સાયકોલોજીનું પેપર આપવામાં આવ્યું હતું.

જો કે આ પ્રક્રિયામાં અડધો કલાક નીકળી જતાં પરીક્ષાનો સમય ૨:૦૦ થી ૫:૦૦ કલાકની જગ્યાએ ૨:૩૦ થી ૫:૩૦ કરવાની ફરજ પડી હતી. ઉલ્લેખનીય છે કે ગત સોમવારે પણ યુનિવર્સિટી દ્વારા મનોવિજ્ઞાન વિષયની પરીક્ષામાં છબરડો નોંધાયો હોવાનું બહાર આવ્યું હતું. જેમાં ૨૫ માર્કના પ્રશ્નો કોર્ષ બહારના પુછાતા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાઈ ગયા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ
● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ
વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧